ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ગભરાશો નહી....! અમારો પક્ષ 'બેન' જેવા 'ભાઈ' મળશે, એટલે વરણી કરશે, એટલે... બેન જેવા મુજબુત...!! એમ...!!

# ગાંધીનગર રેન્જમાં ૧.૬૯ લાખ રોપાનું વાવેતર

### ઉવારસદમાં ૬૭મા વન મહોત્સવની ઉજવણી કરાઈ : દેશમાં ગુજરાત હરિયાળીની દૃષ્ટિએ ત્રીજા ક્રમે : મંત્રી નિતીન પટેલ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના જિલ્લા કક્ષાના ૬૭મા વન મહોત્સવની ઉજવણી આજરોજ સદ્‌વિચાર વિકલાંગ પુનર્વસન કેન્દ્ર, ઉવારસદ ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે આરોગ્ય, પરિવાર કલ્યાણ મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે વૃક્ષારોપણ અને દીપ પ્રાગટ્ય કરીને ૬૭મા વન મહોત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતના સપૂત અને સારા લેખક-સાહિત્યકાર કનૈયાલાલ મુનશી જ્યારે કેન્દ્રમાં મંત્રી હતા, તે સમયે તેમણે વર્ષ ૧૯૫૦થી સમગ્ર દેશમાં વન મહોત્સવનો આરંભ કર્યો હતો. ગુજરાતમાં વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી મુખ્ય મંત્રી હતા ત્યારે તેમણે પરંપરાગત રીતે યોજવામાં આવતા વન મહોત્સવને રાજ્યના અલગ-અલગ જિલ્લામાં યોજવાનું નક્કી કર્યું હતું. દિલ્હી, ગોવા પછી ગુજરાત ત્રીજા નંબર હરિયાળુ રાજ્ય બન્યું છે. ગુજરાતમાં ૩૦ કરોડ વૃક્ષો હોવાનું ગણતરીમાં માલુમ પડ્યું છે. લીમડાની લીંબોડીનું મહત્વ સમજાવી સમગ્ર ગુજરાતમાં મહેસાણા જિલ્લામાં લીંબડાના ઝાડ સૌથી વધુ છે. જેમ હરિયાળુ નગર ગાંધીનગર છે તેમ સમગ્ર ગાંધીનગર જિલ્લો હરિયાળો અને તે માટેનું સર્વે જિલ્લાવાસીઓને આહ્વાન કર્યું હતું.

ગાંધીનગર વન વર્તુળના મુખ્ય વન સંરક્ષક એન.એસ. યાદવે જણાવ્યું હતું કે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ૧૨ સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરવામાં આવ્યું છે. ગાંધીનગર શહેરમાં પણ પુનિત વન સાંસ્કૃતિક વનીકરણનું પરિણામ છે, આજે તેને પ્રવાસન ધામ તરીકે વિકસાવવાનું પણ સરકાર દ્વારા સુચારુ આયોજન કરવામાં આવ્યું છે.

રેન્જ ફોરેસ્ટ ઓફિસર ભરતભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે ગાંધીનગર વન વિભાગ દ્વારા ચાલુ વર્ષે જંગલ વિસ્તારની ૬૦૦ હેક્ટર જમીનમાં ૧,૬૯,૭૧૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. સામાજિક વનીકરણ હેઠળ ૪૩૦ હેક્ટર વિસ્તારમાં ૩,૮૫,૧૫૭ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. તેમજ સહભાગી વન વ્યવસ્થા મંડળી દ્વારા ૧૩૦ હેક્ટર વિસ્તારમાં ૧,૨૦,૫૦૦ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ, જિલ્લા પ્રભારી સચિવ સંજીવકુમાર, જિલ્લા કલેક્ટર સતીશ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી જયશ્રીબેન દેવાંગણ ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણે ખાંચરેથી...

- આજે જિલ્લા કક્ષાના વન મહોત્સવમાં સ્વાગત પ્રવચન દરમ્યાન પ્રભારી મંત્રી નીતિન પટેલની તમામ મનોકામના ભગવાન શંકર પૂર્ણ કરે તેવી વાત કરતાં જ પ્રભારી મંત્રીના મુખ પર નિર્દોષ હાસ્ય સાથે આનંદની લાગણી છવાયેલી જોવા મળી હતી.
- રાજ્યના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલી આજે રાંધેજા ખાતેની મહાદેવ દેસાઈ ગ્રામ વિદ્યાપીઠમાં "ગાંધી વિચાર" પર પ્રવચન આપવા ગયા હતા.
- આજે પણ ગાંધીનગરમાં રાજકીય અફવાઓનું બજાર ગરમ રહ્યુ હતુ.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર યુવા નેતા હોઈ પંચાયતમાં લેટેસ્ટ ડિઝાઈનના કપડા પરિધાન કરી આવે છે.
- ગાંધીનગર શહેરમાં વાઈરલ ફિવરના દર્દીઓ બહુ વધી ગયા છે.
- જિલ્લાના બે ગામમાંથી આજે કોંગો ફિવર અંગે ૨૦૦ જેટલા નમૂના મેળવી પૂના ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે.
- રાજ્યના આરોગ્ય કમિશનરે આજે યોજેલી વિડીયો કોન્ફરન્સમાં જિલ્લાની રોગચાળાની સ્થિતિની સમીક્ષા કરી હતી.
- ૬ઠ્ઠી ઓગષ્ટે ગુણોત્સવના પરિણામો પછી હાલ ચાલી રહેલા ઉપચારાત્મક વર્ગો અંગે પ્રાથમિક શિક્ષણ નિયામક સવારે ૯ થી ૧૦.૩૦ સુધી બાયસેગથી બધાને માર્ગદર્શન આપશે.

# માનવ અધિકાર આયોગના ચેરમેન તરીકે નિવૃત્ત ચીફ જસ્ટીસ શ્રી ભગવતી પ્રસાદ



ગાંધીનગર, તા. ૪

ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના નવ નિયુક્ત ચેરમેન તરીકે ઝારખંડ હાઈકોર્ટના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી ભગવતી પ્રસાદે આજે ગાંધીનગર ખાતે પોતાનો વિધિવત પદભાર સંભાળ્યો છે. કર્મયોગી ભવન, ગાંધીનગર ખાતે માનવ અધિકાર આયોગના ચેરમેનનો પદભાર સંભાળ્યા બાદ શ્રી ભગવતી પ્રસાદે જણાવ્યું હતુ કે, સમાજમાં માનવીય સંવેદના ઉજાગર કરવાની જવાબદારી સૌ સમાજની છે. આને માટે વિવિધ સમાજની સંવેદનાઓને સમજીને સામાજિક સમરસતાનું વાતાવરણ જળવાય તેવા પ્રયાસો માનવ અધિકાર આયોગ દ્વારા હાથ ધરાય તેવા પ્રયાસો કરવાનો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

તેમણે ગુજરાતની સંસ્કૃતિ અને સમાજ રચના ખૂબ જ સરસ છે એટલે ગુજરાત માટે મને સેવા કરવાની તક મળી તે માટે આનંદની લાગણી વ્યક્ત કરતા કહ્યું કે, સુસંસ્કૃત સમાજના કારણે ગુજરાત આજે પ્રગતિ કરી રહ્યું છે. ત્યારે માનવ અધિકારને લગતી ફરિયાદોમાં પણ તમામ પાસાનો અભ્યાસ કરીને તમામ તથ્યો જાણીને નિર્ણય કરવા માટે તેમણે ભારપૂર્વક કહ્યું હતું. ગુજરાતની મહિલાઓ સશક્ત અને રચનાત્મક રીતે આગળ વધી રહી છે ત્યારે મહિલાઓ માટે આયોગ સવિશેષ કાળજી રાખશે તેમ તેમણે ઉમેર્યું હતુ. ઝારખંડ અને ભૂતકાળમાં ગુજરાત ખાતે બજાવેલ કામગીરીના નીષ્કર્ષો અને લીધેલા નિર્ણયો પણ માનવ અધિકારની કામગીરીમાં મદદરૂપ નિવડશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

આ વેળાએ ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પી.કે.તનેજા, માનવ અધિકાર આયોગના સભ્ય શ્રી સુધીર સિંહા, શ્રી એમ.એસ.શાહ, માનવ અધિકાર આયોગના સચિવ શ્રી એસ.બી.રાવલ સહિત આયોગના અધિકારીઓ ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવી હતી.

# શિક્ષણ માનવીને સ્વકેન્દ્રી નહીં પણ સમાજકેન્દ્રી બનાવે છે





### ગ્રામસેવા મહાવિદ્યાલય-રાંધેજા ખાતે યોજાયેલ સમારોહમાં રાજ્યપાલશ્રીની ખાસ ઉપસ્થિતિ

ગાંધીનગર, તા. ૪

ગામડાને વધુને વધુ સમૃદ્ધ-આર્થિક પગભર બનાવવા મહાત્મા ગાંધીનું આર્થિક કેન્દ્રીકરણ મોડલ અપનાવવું જરૂરી છે, તેમ આજે રાજયપાલશ્રી ઓ.પી. કોહલીએ ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઇ ગ્રામ સેવા મહાવિદ્યાલય, રાંધેજા-ગાંધીનગર ખાતે યોજાયેલા સમારોહમાં જણાવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાલયના અધ્યાપકો દ્વારા લેખિત 'સસ્ટેનેબલ રૂરલ ડેવલપમેન્ટ મેનેજમેન્ટ' પુસ્તકનું પણ રાજયપાલ દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું.

રાજ્યપાલે વધુમાં કહ્યું હતું કે, ગાંધીજી દ્વારા તેમજ તેમના જીવન પર લખાયેલા પુસ્તકો આજે પણ પ્રેરણા આપે છે, એમાંનું એક હિન્દ સ્વરાજ પુસ્તક આજના પ્રશ્નોનું નિરાકરણ આપે છે. ગાંધી વિચારધારા પરની શૈક્ષણિક સંસ્થાઓ આજે પણ સફળ છે. શિક્ષણ માનવીને સ્વકેન્દ્રી નહીં પણ સમાજકેન્દ્રી બનાવે છે. આજે આપણે સૌએ અમાનવીયમાંથી માનવીય વ્યવસ્થા ઉભી કરવા સંયુક્ત પ્રયાસો કરવા પડશે. ભારત સાચા અર્થમાં સ્વતંત્ર ત્યારે જ થશે જ્યારે સમાજમાંથી નિર્ધનતા, નિરક્ષર અને વિષમતા સમાપ્ત થશે. ગાંધીજીનું સ્વરાજ્ય એટલે પ્રક્રિયા દુર થાય અને સ્વનો ભાવ આવે. ગાંધીજીએ જીવનના તમામ પાસાઓનો સ્પર્શ કર્યો છે, એટલે જ તમામ પાસાઓ-આયામો પર પોતાના વિચારો રજૂ કર્યા છે. ગાંધીજી સત્ય સાબિત કરવા તેઓ પોતાના પર પ્રથમ પ્રયોગ કરતા ત્યાર બાદ સમાજમાં તેને લઈ જતા-બીજા સામે રજૂ કરતા હતા. ગાંધીજી સંઘર્ષ અને રચનાત્મક કામો સાથે સાથે કરતા જે તેમનું હકારાત્મક પાસું હતું. ગાંધીજીના વિચારમાં કેન્દ્રસ્થાને દરિદ્રનારાયણ રહેતો, આથી જ તેઓ સ્વદેશી ચળવળને પ્રાધાન્ય આપતા, જેથી ગરીબી દૂર થાય અને ગામડાઓ પગભર બને. ગાંધી વિચાર આચરણની બાબત છે તેનાથી આત્મકલ્યાણ અને પર કલ્યાણ શક્ય બનશે, તેમ પણ શ્રી કોહલીએ ઉમેર્યું હતું.

પ્રાસંગિક વક્તવ્ય આપતા કુલનાયક ડૉ. અનામિક શાહે જણાવ્યું હતું કે, માનવ જીવનના તમામ આયામોમાં ગાંધીજીનું પ્રદાન અનેરું છે. આ પ્રકારની વ્યાખ્યાન શ્રેણી-સમારોહ વિદ્યાર્થીઓમાં ગાંધી વિચારોનું સતત સિંચન કરે છે.

આ પ્રસંગે સંયોજક ડૉ. રાજીવ પટેલે શાબ્દિક સ્વાગત તેમજ આભારવિધિ કુલસચિવ ડૉ. રાજેન્દ્ર ખીમાણીએ કરી હતી.

આ સમારોહમાં ગાંધી વિચાર સરણી-નઈ તાલીમ પર શિક્ષણ લઈ રહેલા સ્નાતક, અનુસ્નાતક અને એમ.બી.એ. ઈન રૂરલ મેનેજમેન્ટના અંદાજે ૩૮૦ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ સહિત અધ્યાપકો-સ્ટાફના મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.





કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત અશ્વિનભાઈ કોમર્સ કોલેજના આંકડાશાસ્ત્ર વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ સમીર પંડ્યાની ૩૧મી વર્ષગાંઠ તેમણે સે. ૨૮ની સમર્પણ મૂકબધિર શાળાના બાળકો સાથે ઉજવી હતી. આ પ્રસંગે તેમના વિદ્યાર્થીઓએ સરપ્રાઈઝ પાર્ટી આપતા તેઓ ભાવુક થયા હતા અને જીવનમાં પ્રથમવાર આટલી અદ્‌ભૂત રીતે પાર્ટી યોજાઈ હોવાનો એકરાર કરતા વિદ્યાર્થીઓને સામાજિક જવાબદારી પ્રત્યે આટલા સજાગ રહેવા બાબતે અભિનંદન પાઠવ્યા હતા.

# જે.એમ. ચૌધરી શાળાની વિદ્યાર્થીનીઓ જિલ્લા કક્ષાની ટેકવેન્ડો સ્પર્ધામાં ઝળકી

ગાંધીનગર, તા. ૪

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયા સેકટર-૧૫ ખાતે તાજેતરમાં જિલ્લા કક્ષાની ટેકવેન્ડો સ્પર્ધા યોજાઈ હતી. અંડર-૧૭ અને અંડર-૧૯ની સ્પર્ધામાં જે.એમ. ચૌધરી શાળાની બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લઈ વિજેતા બની શાળાનું ગૌરવ વધાર્યુ હતું.

આ સ્પર્ધા અંતર્ગત અંડર-૧૭માં પ્રથમ ક્રમે ચૌધરી ક્રિશા યુ., ચૌધરી જલ્પા એસ., ચૌધરી જીગ્ના એસ., ચૌધરી વીના ઝેડ., પરમાર ઈશીતા ડી. વિજેતા બની હતી. જ્યારે દ્વીતીય ક્રમે ચૌધરી દયા પી., ચૌધરી કૃપા બી. વિજેતા થઈ હતી. તેવી જ રીતે અંડર-૧૯માં પ્રથમ ક્રમાંક ચૌધરી કાજલ બી. ચૌધરી નીતા એન., ચૌધરી જ્યોત્સના એ., ચૌધરી જ્યોત્સવના વી. ચૌધરી અંજલી જે., ચૌધરી યશ્વી એમ., ચૌધરી અંજલી બીએ મેળવ્યો હતો. આ સ્પર્ધામાં દ્વિતીય ક્રમે ચૌધરી ભાવના વી. વિજેતા બની હતી.

ઉલ્લેખનીય છે કે શાળાની ટેકવોન્ડો સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીનીઓ રાજ્યકક્ષાએ ભાગ લઈ શાળા અને શહેરનું ગૌરવ વધારશે. શાળાના આચાર્ય સંતોકબેન ચૌધરી તથા શાળાના વ્યાયામ શિક્ષિકા બહેનો હેતલબેન દેસાઈ, લીલાબેન ચૌધરી, વિનાક્ષીબેન સુતરીયા અને સમગ્ર શાળા પરિવારે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતીમાં અન્યાયની રાવ



ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ભરતી અન્વયે પસંદગી કેમ્પ વિના જ મેરીટના આધારે જ જિલ્લાની ફાળવણી કરી દેવાતા ઉમેદવારો આગ બબૂલા બન્યા હતા. આ મામલે શાળાઓના કમિશ્નરને પસંદગી કેમ્પનું આયોજન કરવા ઉમેદવારોએ ઉગ્ર રજૂઆત કરી હતી.

# આજથી 'એપોકેલિપ્સ-૨૦૧૬' કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવશે

### કે. બી. ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મા એજ્યુકેશન એન્ડ રીસર્ચ દ્વારા સતત સાત વર્ષથી આયોજન કરાય છે

ગાંધીનગર, તા. ૪

કે. બી. ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મા એજ્યુકેશન એન્ડ રીસર્ચ દ્વારા સતત સાત વર્ષથી એપોકેલિપ્સ-૨૦૧૬ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આજે એપોકેલિપ્સ-૨૦૧૬ સેક્ટર-૨૩, ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજના હોલ ખાતે સવારે ૯.૩૦ કલાકે કરાશે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભુભાઈ પટેલના હસ્તે કાર્યક્રમનો પ્રારંભ કરાશે. કાર્યક્રમમાં ગુજરાતભરની ફાર્મસી કોલેજમાંથી ૬૦૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ વિવિધ ૧૩ પ્રકારની સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓ જેવી કે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન, મોડલ પ્રેઝન્ટેશન, મોક-ઈન્ટરવ્યુ સહિતમાં ભાગ લેશે.

આ કાર્યક્રમની સાથે સાથે સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમના અંતે વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને મોમેન્ટોથી પ્રોત્સાહિત કરવામાં આવશે.

# લેહ-લદ્દાખની રોમાંચક કાર સફર કરી ગાંધીનગરનું યુગલ પરત

### રેનો કંપનીની "ગેંગ ઓફ ડસ્ટર" અંતર્ગત સે. ૭ના યોગેશ ગજ્જર અને ધ્રુવાંગી ગજ્જરે ખારદુંગલા પાસેની ૧૮૮૫૦ ફૂટની ઊંચાઈ સુધી કાર ડ્રાઈવ કરી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના યુગલ યોગેશ ગજ્જર અને તેમના પત્નિ ધ્રુવાંગી ગજ્જર રેનો કંપનીની "ગેંગ ઓફ ડસ્ટર" અંતર્ગત લેહ-લદ્દાખના ખારદુંગલા રોડની ૧૮૮૫૦ ફૂટ ઊંચાઈ સુધી સાહસિક કાર ડ્રાઈવ કરીને પરત ફર્યા છે. આ રોમાંચક ડ્રાઈવ દરમ્યાન તેમણે લેન્ડ સ્લાઈડીંગ, સ્નો ફોલ માયનસ ટેમ્પરેચર જેવા અનુભવો સાથે કેમ્પ ફાયર, કાઈટ ફ્લાઈંગ અને કેમલ રાઈડ વગેરેનો આનંદ માણ્યો હતો.

"ગેંગ ઓફ ડસ્ટર" આયોજિત આ એડવેન્ચર ડ્રાઈવમાં તેઓ પોતાની ડસ્ટર કાર સેલ્ફ ડ્રાઈવ કરીને જોડાયા હતા. તા. ૧૫મી જુલાઈએ ચંદીગઢથી શરૂ થયેલ તેમની સફરમાં ૨૦ ડસ્ટર ધારકો અને ક્રૂ મેમ્બર સહિત કુલ ૩૦ કાર જોડાઈ હતી. મનાલી થઈ વાયા સરચુ અને રોહતાંક પાસ થઈ તેઓ વિશ્વના સૌથી ઊંચા મોટરેબલ પાસ ખારદુંગલા પહોંચ્યા હતા. ત્યાંથી નુબ્રાવેલી થઈ લેહ પહોંચ્યા હતા. જ્યાં ભારતીય સૈન્યને બનાવેલ "હૉલ ઓફ ફેમ"ની મુલાકાત લીધી હતી. લેહથી પેયોંગ જતા તેમને રસ્તા પર બરફના લીધે જોખમકારક ડ્રાઈવ કરવુ પડ્યુંહતું. સમગ્ર સફર દરમ્યાન



તેમને મોબાઈલ નેટવર્કની પણ મુશ્કેલી ખુબ જ નડી હતી. જો કે સરહદી વિસ્તારમાં ખડે પગે તૈનાત ભારતીય સૈનિકોને મળી તેમને અત્યંત ગર્વની લાગણી થઈ હતી. આ સફર દરમ્યાન તેમણે થ્રી ઈડિયટ્સ ફિલ્મના થયેલા શુટિંગ લોકેશનની પણ મુલાકાત લીધી હતી. અત્યંત સાહસપૂર્ણ રોમાંચક સફર હેમખેમ રીતે પૂર્ણ કરી તેઓ તા. ૨૭મી જુલાઈએ પરત ફર્યા હતા. તેમની આ સફર દરમ્યાન તેમણે હિમાચલ પ્રદેશ, હરિયાણા, પંજાબ, દિલ્હી અને રાજસ્થાન એમ પાંચ રાજ્યોનો પ્રવાસ ખેડ્યો હતો.